જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૧/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૦૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૦ કેસ કરી, ૯૩ વ્યક્તિઓને ઝડપી, ૩૬૮ લીટર દેશી દારૂ, ૧૯૯ બોટલ ઈંગ્લીશ, ૬૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ કાર, ૦૧ મોટર સાયકલ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૧૧,૬૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૦૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૦૩/૨૦૨૬**

મણીનગરઃ હિતેશભાઇ સ/ઓ દિનેશભાઇ કોષ્ટી (ઉ.વ.૪૧) (રહે. કોષ્ટી સોસાયટી જૈન સ્કુલ પાસે જય હિન્દ ચાર રસ્તા મણીનગર) એ તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૦/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે હિતેશભાઇ કોષ્ટીને મોબાઇલ નંબર ૭૨૪૮૩૭૪૮૧૭ થી વાત કરનાર અજાણી વ્યક્તિએ પોતાની ઓળખ આઇ.ડી.એફ.સી. બેંકના કર્મચારી હોવાનુ કહી ક્રેડીટ કાર્ડ કઢાવી આપવાના બહાને હિતેશભાઇના વ્હોટ્સએપ ઉપર લીંક મોકલી, જે લીંકમાં માહીતી ભરાવી, અજાણી વ્યક્તિએ હિતેશભાઇનો મોબાઇલ ફોન હેક કરી તેમના ક્રેડીટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૨,૦૦,૯૯૮/– અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લઇ હિતેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.પટેલ ચલાવે છે.

ઈસનપુરઃ વીરેન કિરીટભાઈ સોલંકી (ઉ.વ.૩૯) (રહે. નવનિર્માણ આગમ–નિગમ સોસાયટી કાલુપુર બેન્ક સામે રામવાડી ઈસનપુર) એ તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૨/૨૦૨૫ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ વીરેન સોલંકીને ફોન કરી SKILL INDIA ભારત સરકારનું સર્ટીફીકેટ મોકલી પોતાની ખોટી ઓળખ આપી, વીરેન સોલંકીને પ્રધાનમંત્રીની કૌશલ વિકાસ યોજના PMKVY ભાગરૂપે સસ્તા સિલાઈ મશીનની કીટ આપવાનું કહી વીરેન સોલંકીને વિશ્વાસમાં લઈ વીરેન સોલંકીના બેન્ક ખાતામાંથી રૂપિયા ૫૭,૦૦૦/– ઓનલાઈન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૦૪/૨૦૨૬**

સેટેલાઇટઃ પ્રવિણભાઇ બચુભાઇ ચાવડા (ઉ.વ.૪૧) (રહે. રાજીવનગર વિભાગ–૬ શ્રેયશ ટેકરા સેટેલાઇટ) એ અગમ્ય કારણસર તા.૩૧/૧૨/૨૦૨૫ કલાક ૦૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી